ઝેરના મુવાડા ચોકડી પાસે બે મોટરસાયકલ સામસામે અથડાતા નવા ઘુસર ગામના ઇસમનુ મોત

કાલોલ તાલુકામાં મોટરસાયકલ થી અકસ્માતના બે બનાવ મા બે મોત

ખડકી બસ સ્ટેન્ડ પાસે રોડ ક્રોસ કરતા આધેડને મોટરસાયકલ ચાલકે ટક્કર મારતાં સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ પોલીસ મથકે કાળુભાઈ લક્ષ્મણભાઈ રાવળ રે.નવા ઘુસર તા ગોધરા દ્વારા નોંધાવેલ ફરીયાદની વિગત જોતા તેઓના પુત્ર પ્રવિણભાઈ કાળુભાઈ રાવળ ઉ. વ.૪૫ પોતાનું મોટરસાયકલ લઈને મંડપના કામે બાકરોલ ગયા હતા અને નારણપુરા ગામ તરફથી આવતા હતા ત્યારે ઝેરના મુવાડા ચોકડી પાસે સણસોલી નજીક રોડ ઉપર સામેથી મોટરસાયકલ નંબર જીજે ૧૭ સીજી ૭૫૦૬ પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવતા ઈસમે પ્રવિણભાઈ ની મોટરસાયકલને સામેથી ટક્કર મારી દેતા પ્રવીણભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે અકસ્માત કરનાર મોટરસાયકલ ચાલક અને પાછળ બેસેલ વ્યક્તિને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી તમામને કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી પ્રવિણભાઈ કાળુભાઈ બેભાન હોય વધુ સારવાર માટે વધુ સારવાર માટે વડોદરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યુ હોવાની વિગતે મૃતકના પિતા દ્વારા કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જ્યારે બીજા બનાવમાં કાલોલ તાલુકાના ખડકી ગામમાં રહેતા લક્ષણભાઈ કાન્તિભાઈ પટેલ દ્વારા મોટરસાયકલ નંબર જીજે ૧૭ સીએલ ૧૬૧૬ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે જેમાં ગત રવિવારે રાત્રે તેઓના કાકા રયજીભાઇ શંકરભાઈ પટેલ ઉ વ ૫૦ રોડ ક્રોસ કરતા હતા ત્યારે કાલોલ તરફથી મોટરસાયકલ નંબર જીજે ૧૭ સીએલ ૧૬૧૬ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રયજીભાઈ ને ટક્કર મારી દેતા તેઓ રોડ પર પડી ગયા હતા જેઓને બન્ને પગે અને મોઢા ઉપર ઈજાઓ થવાથી લોહી નીકળ્યું હતું જ્યારે અકસ્માત કરનાર મોટરસાયકલ ચાલક પણ રોડ ઉપર પડી ગયો હતો ઈજાગ્રસ્ત ને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે રયજીભાઈ નુ મોત નીપજ્યુ હતુ જે બાદ આજ રોજ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આમ બંને બનાવોમાં જીવલેણ અકસ્માતમાં બે ઇસમોના મોત નીપજવાથી સમગ્ર ગામ અને પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઇ છે.

પારકી પરણેતર સાથે ફોનમાં વાત કરતા યુવક ઝડપાઇ ગયો

28 વર્ષીય યુવકનું અપહરણ કરી લઈ જઈ માર મારી નગ્ન હાલતમાં છોડી ગયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

પારકી પરણેતર સાથે ફોનમાં વાત કરતા પકડાઈ ગયેલા પ્રાઈવેટ નોકરી કરતા ૨૮ વર્ષીય યુવકને તે બાબતની અદાવત રાખી તે મહિલાના પતિ તેમજ તેના ચાર જેટલા અન્ય સાગરીતોએ ભેગા મળી એક સંપ કરી દાહોદ પરેલ સી સાઈટ પાસે બોલાવી તેનું અપહરણ કરી લઈ જઈ લાકડાના -ડા તેમજ ચામડાના કમર પટ્ટા વડે માર મારી જાનથી મારી નાખવાની ધાકધમકીઓ આપી તેના કપડાં કાઢી નગ્ન હાલતમાં ઘના ઘર નજીક ગાડીમાંથી ઉતારી ગયાનું પોલીસ સુત્રો દ્વારા તત્તાવાર રીતે જાણવા મળ્યું છે. બનાવ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના ટાંડા ગામના મૂળ વતની અને હાલ વાહોદ પરેલમાં રહેતા વિકાસભાઈ દેવાભાઈ ચૌહાણની પતી વજ્ઞાબેન સાથે આખરી બે મહિના પહેલા ટાન્ડા ગામના મૂળ વતની અને હાલ દાહોદ તાલુકાના દેલસર ગામે સુકન સોસાયટીમાં રહેતો અને પ્રાઈવેટ નોકરી કરતો ૨૮ વર્ષીય ચિરાગભાઈ લક્ષ્મણસિંહ -ઠોડ બે માસ પહેલા ફોનમાં વાતો કરતા પકડાઈ ગયો હતો.

બીજો એક માણસ તથા ટાન્ડા ગામના ભાવિન પરમાર તેમજ હર્ષ પરમાર વગેરે ગઈકાલે બપોરે બારેક વાગ્યાના સુમારે ભેગા મળી એક સંપ કરી ચિરાગભાઈ લક્ષ્મણસિંહ રાઠોડને પરેલમાં બોલાવી ગાડીમાં બેસાડી તેનો કરી લઈ જઈ જાનથી મારી નાખવાની ધાકધમકીઓ આપી લાકડાના દંડા તેમજ ગામડાના કૂમરપટ્ટા વડે માર મારી ઈજાઓ પહોંચાડયા બાદ તેના કપડા કાઢી નગ્ન કરી નગ્ન હાલતમાં તેને દેલસર ખાતેની સકુન સોસાયટી માં તેના ઘર પાસે ગાડીમાંથી ઉતારી નાસી ગયા હતા.

આ સંબંધે દેલસર સકુન સોસાયટીમાં રહેતા ચિરાગ ભાઈ લક્ષ્મણભાઈ રાઠોડે દાહોદ ટાઉન ડી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે દાહોદ પરેલમાં રહેતાં વિકાસ દેવાભાઈ ચૌહાણ, મિતેશ દેવાભાઈ ચૌહાણ, મિતેશની સાથેનો બીજો એક માણસ, તથા ટાન્ડા ગામના ભાવિન પરમાર તેમજૂ હર્ષ પરમાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૩૭(૨),૬૧, ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ઉપરોક્ત પાંચ જણાની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

કાંકણપુરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિશેષ કાર્યક્રમનુ આયોજન

આવતીકાલે માતૃભાષા મહોત્સવ અંતર્ગત વિશેષ વ્યાખ્યાન યોજાશે

કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહા પ્રેરણા પાથેય પૂરું પાડશે,

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી જે.એલ.કે. કોટેચા આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ.એસ. ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુરના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે 'માતૃભાષા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. મળી માતૃભાષા મને ગુજરાતી" ના શીર્ષક હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં માતૃભાષા સપ્તાહ અંતર્ગત ભાષાના મહિમાગાન માટે વિશેષ વ્યાખ્યાન યોજાશે.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જ્હા પ્રેરણા પાથેય પૂરું પાડશે, જ્યારે મુખ્ય વક્તા તરીકે ડૉ. કુમાર જૈમિનિ શાસ્ત્રી અને ડૉ. શ્યામ રખિયાણિયા માતૃભાષાના મહત્વ પર વક્તવ્ય આપશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિન શાહ અને અતિથિ વિશેષ તરીકે ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ડૉ. મહેશભાઈ રાઠવા ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મૌલિકા પટેલ કરશે અને સંયોજક તરીકે ડૉ. સુરેશભાઈ પટેલ જવાબદારી સંભાળશે. કોલેજના આચાર્ય ડૉ. જે.પી. પટેલ અને અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા આ મહોત્સવમાં પધારવા તમામ ભાષાપ્રેમીઓને ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે આ વિશેષ કાર્યક્રમમાં માતૃભાષા પર ભાર મૂકી વિદ્યાર્થીઓને માતૃભાષાનુ મહત્વ સમજાવવામાં આવશે અને તેના વિશે વધુ જાણકારી પણ આપવામાં આવશે.

બનાવની જાણ થતાં જીવદયા ટીમ પહોંચી

હાલોલમાં અલગ અલગ જગ્યાએથી સાપોનુ રેસ્ક્યું કરાયું

(પ્રતિનિધિ) હાલોલ, તા.16

સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા ત્રણ અલગ અલગ જગ્યાએ થી અલગ અલગ ઝેરી તથા બિનઝેરી સાપ નુ રેસ્ક્યુ કર્યુ જેમા કંજરી રોડ પર આવેલ ભગવતી વાટીકા માથી મકાન નંબર 39 ની બાજુમાથી રસલવાયપર (ચિતોર) સાપ નુ રેસ્ક્યુ કર્યુ જે બાદ થોડીજ વારા મા ગોધરા રોડ પર આવેલ ટેલિફોનિક એક્સચેન્જ ની બાજુ મા આવેલ ઘર ની અંદર થી કોબ્રા સાપ નુ એક કલાક ની મેહનત બાદ રેસ્ક્યુ કર્યુ ત્યારબાદ કંજરી રોડ પર આવેલ સરસ્વતી સ્કુલ ના કમ્પાઉન્ડ છોકરાઓ રમતા હતા અને અચાનક સાપ દેખાતા સ્કુલના ગ્રાઉન્ડમા નાસભાગ મચી ગઈ હતી ત્યા જઈ જોયુ તો કોમન ક્રિનકેટ નામના સાપ નુ રેસ્ક્યુ કર્યુ અને આ

દરેક સાપ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના આર.એફ.ઓ સતીષભાઈ બારીયાના માર્ગદર્શન અને જાણકારી મુજબ માનવ વસવાટ થી સેફ જંગલ વિસ્તાર મા આ ત્રણેય સાપ ને રીલીજ કર્યા જેમા રેસ્ક્યુ ટીમ ના પુનમભાઈ જયદીપભાઈ પિન્ટુભાઈ વિપુલભાઈ સાથે મડી આ રેસ્ક્યુ કરવામા મદદ મડી.

દાહોદની સરકારી શાળાનો ડિજિટલ 'માસ્ટર સ્ટ્રોક'

ગેમ રમતા-રમતા બાળકો શીખશે ગુજરાતી વ્યાકરણ

DIET ખાતે યોજાયેલા ઇનોવેશન ફેરમાં દેસાઈવાડા પ્રાથમિક શાળાના શિક્ષિકા નીલમબેન જાદવનો નવતર પ્રયોગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

વર્તમાન યુગ ટેકનોલોજીનો છે અને શિક્ષણ ક્ષેત્રે પણ હવે ડિજિટલ ક્રાંતિ અનિવાર્ય બની છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP) માં પણ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ વિઝનને સાકાર કરવા દાહોદ તાલુકાની દેસાઈવાડા પ્રાથમિક શાળાના ભાષા શિક્ષિકા શ્રીમતી નીલમબેન જાદવ દ્વારા એક અનોખો અને પ્રેરણાદાયી પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. તેમણે ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વિષયના વ્યવહારિક વ્યાકરણને લગતી ખાસ 'ડિજિટલ ગેમ્સ' તૈયાર કરી છે, જે તાજેતરમાં દાહોદ DIET ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કંટાળાજનક વ્યાકરણ હવે બન્યું મનોરંજક રમત

સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ભાષામાં વ્યાકરણ શીખવું કંટાળાજનક અને અઘરું લાગતું હોય છે.

સંજ્ઞા, વિશેષણ, સંધિ કે સમાસ જેવી સંકલ્પનાઓ ગોખવાને બદલે સમજવી જરૂરી છે. નીલમબેને આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ગેમિફિકેશનનો સહારો લીધો છે. તેમણે તૈયાર કરેલી ડિજિટલ ગેમ્સમાં વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપીને પોઈન્ટ્સ મેળવે છે અને આગળના લેવલ પર પહોંચે છે. આ પ્રક્રિયામાં બાળકને ભણવાનો ભાર લાગતો નથી, પરંતુ એક રમત રમતા હોય તેવો આનંદ મળે છે.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં NSS એકમ 1-2ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર'

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

સોમવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે અર્બન

લાઈવલીહુડ મિશનના મેનેજર સુકુમાર ભૂરિયા સર, સી. આર. સી. જનક પટેલ સર, પ્રેરક ઉપસ્થિત એવા ભીલ સેન્ટ્રલ સ્કૂલ મુવાલીઆના આચાર્ય શ્રીમતી વત્સલાબેન બમણિયા, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડૉ.જી. જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ. એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

મહાશિવરાત્રીના પાવન પર્વે જિલ્લાના શિવાલયો 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નાદથી ગુંજી ઉઠયા, ચોતરફ મહાદેવની શોભાયાત્રાનુ આયોજન કરાયું

દાહોદ : મહાશિવરાત્રી પર્વ દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયો 'હર હર મહાદેવ, અને 'બમ બમ ભોલે' ના જયકારાથી ગુરુજ્જુ ઉઠયા હતા તેમજ દાહોદ શહેર સહિત જિલ્લા ના શિવાલયોમાં વહેલી સવારથી શવિલિંગ પર જળાભિષેક, દૂધાભિષેક કરવા તેમજ બીલીપત્ર ચઢાવી પૂજા અર્ચન કરવા શિવભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. શિહોત્સવ પર્વ નિમિત્તે દાહોદ શહેરના મનકામેશ્વર મંદિર, ત્રંબકેશ્વર મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, નીલકંઠેશ્વર મંદિર, લેનના મહાદેવ મંદિર સહિતના શિવાલયો લાઈટ ડેકોરેશન થકી સજાવવામાં આવ્યા હતા. શહેર સહિત જિલ્લાના શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો થકી મહાશિવરાત્રી પર્વની ઉત્સાહભેર રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. દાહોદમાં શિવરાત્રી પર્વે ખાન નદી તેમજ દૂધીમતી નદીના સંગમ સ્થળે દર વર્ષની જેમ આ વખતે પણ શિવરાત્રીનો મેળો ભરાયો, હતો. જેનો દાહોદ વાસીઓએ આનંદ માણ્યો હતો.

તાજા શાકભાજી, પપૈયા, વિવિધ ધાન્ય પાકો તેમજ અન્ય કૃષિ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવશે

યાત્રાધામ પાવાગઢની તળેટીમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો પ્રારંભ

(પ્રતિનિધિ) હાલોલ, તા.2

મહાશિવરાત્રિના પર્વે પાવાગઢના સરપંચ રવિભાઈ ગઢવીના હસ્તે ઉદઘાટન સંપન્ન પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકવેલા તાજા શાકભાજી, પપૈયા અને ધાન્ય પાકો સાથે હોળી માટે કેસુડાના ફૂલોનું પણ થશે વેચાણ મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે યાત્રાધામ પાવાગઢની તળેટીમાં ખેડૂતો અને ગ્રાહકોના હિતમાં એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. પ્રોજેક્ટ ડાયરેક્ટર ભાવિનભાઈ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ, આત્મા પ્રોજેક્ટ (ATMA) અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની હાલોલ ટીમ દ્વારા પાવાગઢ બસ સ્ટેશન પાસે 'દેશી

ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ વેચાણ કેન્દ્રનું ઉદઘાટન પાવાગઢ ગામના સરપંચ રવિભાઈ ગઢવીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટના આસી. ટેક્નોલોજી મેનેજર, કોમ્યુનિટી રિસોર્સ પર્સન પર્વતભાઇ, કાળુભાઈ તેમજ ખેડૂતમિત્ર ગણપતભાઇના વિશેષ સાથ સહકારથી આ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર પર પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકવેલા તાજા શાકભાજી, પપૈયા, વિવિધ ધાન્ય પાકો તેમજ અન્ય કૃષિ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવશે.

રાસાયણિક ખેતી મુક્ત અને આરોગ્યપ્રદ ખોરાક લોકોને મળી રહે તે આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આગામી હોળી-ધૂળેટીના તહેવારને ધ્યાને રાખીને અત્યારથી જ આ કેન્દ્ર પર કેસુડાના ફૂલોનું વેચાણ પણ શરૂ કરવામાં આવ્યું છે. કેસુડાના ફૂલો માત્ર કુદરતી રંગ બનાવવા જ નહીં, પરંતુ ચામડી સંબંધિત રોગો, પેશાબના દર્દ અને પથરી જેવી બીમારીઓમાં પણ આયુર્વેદિક દ્રષ્ટિએ ખૂબ જ રાહત આપે છે. આ વેચાણ કેન્દ્ર શરૂ થવાથી પાવાગઢ આવતા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહીશોને શુદ્ધ અને સાત્વિક આહારની સાથે પ્રાકૃતિક ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થસે.

તાજા શાકભાજી, પપૈયા, વિવિધ ધાન્ય પાકો તેમજ અન્ય કૃષિ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવશે

પંચમહાલ-દાહોદના જંગલોમાં કેસરીયો નજારો, હોળી પહેલાં કેસૂડો સોળે કળાએ ખીલ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

શિયાળાની ગુલાબી ઠંડી હજુ તો વિદાય લેવાની તૈયારીમાં છે ત્યાં જ વનરાયના રાજા ગણાતા કેસૂડાએ સોળે કળાએ ખીલીને હોળી-ધૂળેટીના આગમનની છડી પોકારી દીધી છે. લોકજીભે રમતી પેલી પંક્તિ "કેસૂડાની કળીએ બેસી ફાગણિયો લહેરાયો" અત્યારે આ પંથકના જંગલોમાં સાક્ષાત્ જોવા મળી રહી છે.

આ પંથકના આદિવાસી સમાજમાં કેસૂડા સાથે અનેક રોચક વાતો જોડાયેલી છે. લોકવાયકા તો એવી પણ છે કે ગરુડના પીંછામાંથી આ પવિત્ર વૃક્ષ ઉતરી આવ્યું છે! વળી, તેના એકસાથે રહેલા ત્રણ પાનને લોકો શ્રદ્ધાથી બ્રહ્મા, વિષ્ણુ અને

મહેશનું સ્વરૂપ માને છે. ભલે આ વાતો વર્ષો જૂની માન્યતા હોય, પણ તેનું વિજ્ઞાન તો આજે પણ સોના જેવું ચોખ્ખું છે. આયુર્વેદના જાણકારો કહે છે કે, કેસૂડો માત્ર રંગ રમવા માટે નથી પણ ચામડીના રોગો માટે રામબાણ ઈલાજ છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં કેસૂડાના પાણીથી સ્નાન કરવાથી અળાઈઓ અને લૂ જેવી સમસ્યાઓ છૂ મંતર થઈ જાય છે.

આજના હાઈટેક યુગમાં લોકો મોંઘા અને હાનિકારક કેમિકલયુક્ત રંગો પાછળ આંધળી દોટ મૂકે છે જે ત્વચાને નુકસાન પહોંચાડે છે. તેની સામે કેસૂડાનો આ કેસરીયો રંગ એકદમ શુદ્ધ અને દેશી છે. આ વિસ્તારના પ્રકૃતિપ્રેમીઓનો સૂર છે કે, જો લોકો ફરીથી કેસૂડાના રંગ તરફ વળે તો સ્વાસ્થ્ય પણ જળવાય અને જંગલના ફૂલો વીણીને ગુજરાન ચલાવતા ગરીબ પરિવારોને પણ બે પાંદડે થવાની તક મળે.અત્યારે પંચમહાલ અને દાહોદના અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં નજર નાખો ત્યાં કેસરીયા ફૂલોનો મહેરામણ ઉમટ્યો હોય તેવું લાગે છે. આમ, આ વર્ષે પણ કુદરતે હોળીના પર્વને વધાવવા માટે વગડામાં કેસરીયા રંગની છોળો ઉડાડી દીધી છે.